JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | iSC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL
TATA SHAKTEE G C SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
દક્ષિણ ગુજરાતના પંચકર્મના પ્રણેતા (ઈન્ટરનેશનલ એવોર્ડ પ્રાપ્ત) અને પૂ. વૈદ્ય શ્રી નરસિંહકાકા (પૂજાકુંભારીયા)ના પરમ શિષ્ય વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ દ્વારા પ્રેરિત
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
સી-સર્ય ફોર આયુર્વેદા
કેન્સર - હૃદયરોગ - કીડની રોગો
CANCER - CARDIAC - CKD (Kidney Desease)
કેન્સર - હૃદયરોગ - કીડનીના રોગો
3C CARE WITH AYURVEDA
Ultimate Neuro - Arthritic Care
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ
આયુર્વેદ વાચસ્પતી
B.A.M.S., M.D. Ph. D.
આયુર્વેદ ઔષધ દ્વારા શક્તિશાળી ઈમ્યુન સીસ્ટમ જે કેન્સર (કર્કટાર્બુદ) અને CKD (કિડનીના રોગો) સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અશુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ (રોજ બપોરે ૨ થી ૮ મળશે.) Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
કામરેજ બી/૪૫-૪૬, રત્નપુરી સોસાયટી, યાદગાર જયુસ પાછળ, આરતી ઝેરોક્ષની સામે, કામરેજ ચાર રસ્તા, કામરેજ. Mo. 75748 61858 (દર ગુરૂવારે સવારે ૯ થી ૧)
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853 | વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ (દર શુક્રવારે સવારે ૯ થી ૧ મળશે.)

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૧ * * * સંવત ૨૦૮૦ મહા સુદ ચોથ, મંગળવાર ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ - અંક : ૭૫ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

કતારે ભારતીય નૌકાદળના 8 પૂર્વ જવાનોને છોડ્યા

આ 8 જવાનો પર જાસૂસીના આરોપો હતા અને ઓક્ટોબરમાં તેમને મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી હતી

7 સ્વદેશ પરત ફર્યા, કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી દોહામાં જ રોકાયા છે અને ટૂંક સમયમાં ભારત પરત ફરશે

નવી દિલ્હી, તા. 12 (PTI): કતારે ભારતીય નૌકાદળના આઠ ભૂતપૂર્વ જવાનોને મુક્ત કર્યા છે અને તેમાંથી સાત સોમવારે સ્વદેશ પરત ફર્યા છે, જેને ભારત માટે એક મોટી રાજદ્વારી જીત તરીકે જોવામાં આવે છે. કતારની અદાલતે તેમને મૃત્યુદંડની સજા સંભળાવ્યા પછી લગભગ સાડા ત્રણ મહિના પછી તેમને મુક્ત કરવામાં આવ્યા છે.

તેમની મૃત્યુદંડની સજાને અલગ-અલગ સમયગાળાની કેદમાં બદલવામાં આવી હતી.

દેખીતી રીતે આ 8 લોકો પર જાસૂસીના આરોપો હતા પરંતુ કતારના સત્તાવાળાઓ કે નવી દિલ્હીએ તેમની સામેના આરોપો જાહેર કર્યા નથી.

ઓગસ્ટ 2022માં ધરપકડ કરાયેલા ભારતીયોની મુક્તિ અને સ્વદેશ પરત મોકલવા માટેના કતારના આમીરના નિર્ણયની ભારત પ્રશંસા કરે છે, એમ વિદેશ મંત્રાલયે (એમઈએ) એક નિવેદનમાં કહ્યું

...અનુસંધાન પાના 14 પર

ભારતીય નૌકાદળના આઠ ભૂતપૂર્વ જવાનોને મુક્ત કર્યા બાદ આ જાહેરાત કરાઈ, ખરાબ હવામાનના કારણે 'અહલાન મોદી' કાર્યક્રમમાં પ્રેક્ષકોની સંખ્યા ઓછી કરાઈ

યુએઈ પછી મોદી કતાર જશે

નવી દિલ્હી, તા. 12 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદી સંયુક્ત અરબ અમીરાતની તેમની બે દિવસીય મુલાકાત પૂર્ણ કર્યા પછી 14 ફેબ્રુઆરીએ કતારની રાજધાની દોહા જશે, આ જાહેરાત કતાર દ્વારા જેલમાં બંધ ભારતીય નૌકાદળના આઠ ભૂતપૂર્વ જવાનોને મુક્ત કર્યાના કલાકો બાદ કરવામાં આવી હતી. વેપાર અને રોકાણ, ઉર્જા અને ડિજિટલ ડોમેન સહિત વિવિધ ક્ષેત્રોમાં એકંદર દ્વિપક્ષીય સંબંધોને વિસ્તૃત કરવાના ઉદ્દેશ્ય સાથે મોદી સોમવારે યુએઈની બે દિવસની મુલાકાતે છે. 'સંયુક્ત અરબ અમીરાતની (યુએઈ) તેમની મુલાકાત પૂર્ણ કર્યા પછી, વડા પ્રધાન 14 ફેબ્રુઆરીએ બપોરે કતારના દોહા જશે', એમ વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ મીડિયાને જણાવ્યું હતું. મોદી કતારના આમીર શેખ તમીમ બિન હમાદ અલ-થાણી અને અન્ય ઉચ્ચ હસ્તીઓ સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. બીજી બાજુ અબુ ધાબીમાં મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સંબોધિત કરવામાં આવનાર 'અહલાન મોદી' કાર્યક્રમમાં પ્રેક્ષકોની સંખ્યા ખરાબ હવામાનને કારણે ઓછી કરવામાં આવી છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. સમગ્ર યુએઈમાં રાતોરાત ભારે વરસાદ અને વીજળીના ચમકારા થયા બાદ 'અહલાન મોદી' (અરબીમાં હેલો મોદી) ઇવેન્ટમાં પ્રેક્ષકોની સંખ્યા ઓછી કરવામાં આવી હતી, વરસાદના કારણે ત્યાં ટ્રાફિક જામ થયો હતો અને પાણી ભરાયા હતા. ભારતીય સમુદાયના નેતા સજીવ પુરૂષોત્મને પીટીઆઈને જણાવ્યું હતું કે અબુ ધાબીના ઝાયેદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં વડા પ્રધાન મોદીની અત્યાર સુધીના સૌથી મોટા અપ્રવાસી ભારતીયો માટેના કાર્યક્રમની તૈયારીઓ સારી રીતે ચાલી રહી હતી પરંતુ હવામાનને કારણે પ્રેક્ષકોની સંખ્યા 80,000થી ઘટાડીને 35,000 કરવામાં આવી હતી.

અજિત ડોવાલની વાટાઘાટોમાં મહત્વી ભૂમિકા

એવું જાણવા મળ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવાલે કતારના સત્તાવાળાઓ સાથે ભારતીયોની મુક્તી અંગેની વાટાઘાટોમાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેઓ ચુપચાપ દોહાની કેટલીક વખત મુલાકાતે ગયા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ખાસ ધ્યાન આપ્યું

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે આ મામલામાં તમામ ઘટનાક્રમ પર નજર રાખી હતી અને ભારતીય નૌકાદળના જવાનોના દેશમાં પરત ફરવા માટે જરૂરી કોઈ પણ પગલાં લેવાથી પાછળ ખસ્યા નથી, એમ વિદેશ સચિવ વિનય ક્વાત્રાએ

...અનુસંધાન પાના 14 પર

દિલ્હીમાં આજે ખેડૂતોની કૂચને રોકવા બહુસ્તરીય બેરિકેડિંગ, કોંક્રિટ બ્લોક્સ અને કન્ટેનરની દીવાલો

દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરાઈ, ખેડૂતો પણ ગાંઠ્યા જાય એમ નથી, બેરિકોડ્સ તોડવા 5000 ટ્રેક્ટર્સ મોડિફાઈ કરીને હાઈડ્રોલિક સાધનોથી સજ્જ કરાયા, હોર્સ પાવર બમણા

દિલ્હીમાં, મંગળવારે વિરોધ કરી રહેલા ખેડૂતોને શહેરમાં પ્રવેશતા અટકાવવા માટે સિંઘુ, ટિકરી અને ગાઝીપુર ખાતે રાષ્ટ્રીય રાજધાનીની સરહદોને સીલ કરવા માટે બહુસ્તરીય બેરિકેડિંગ ઉપરાંત કોંક્રિટ બ્લોક્સ અને કન્ટેનરની દીવાલો બનાવવામાં આવી છે સાથે જ પોલીસ અને અર્ધલશ્કરી દળના જવાનોની મોટા પાયે તૈનાત કરવામાં આવી છે. દિલ્હી પોલીસે ખેડૂતોની વિરોધ માર્ચને કારણે વ્યાપક તણાવ અને સામાજિક અશાંતિને ધ્યાનમાં રાખીને શહેરમાં એક મહિના માટે કલમ 144 લાગુ કરી છે, જેમાં પાંચ કે તેથી વધુ લોકોના ભેગા થવા, સરઘસ અથવા રેલીઓ અને લોકોને લઈ જતી ટ્રેક્ટર ટ્રોલીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે.

દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરા દ્વારા જારી કરવામાં આવેલ આદેશ સોમવારથી અમલમાં આવ્યો છે અને 12 માર્ચ સુધી અમલમાં રહેશે.13 ફેબ્રુઆરી (મંગળવાર) ના રોજ યોજનારી ખેડૂતોની 'દિલ્હી ચાલો' કૂચને ધ્યાનમાં રાખીને ઘોરીમાર્ગો પર પોલીસ દ્વારા મૂકવામાં આવેલા બેરિકેડ્સ અને પથ્થરોને દૂર કરવા માટે સુધારેલા ટ્રેક્ટર્સનો ઉપયોગ કરવામાં આવશે.

"અવરોધો દૂર કરવા માટે ટ્રેક્ટરોને હાઇડ્રોલિક સાધનોથી સજ્જ કરવામાં આવ્યા છે, આંસુ ગેસના શેલો સામે લડવા માટે અગ્નિ પ્રતિરોધક હાર્ડ-શેલ ટ્રેલર્સ તૈયાર કરવામાં આવ્યા છે. તેમણે આ સંશોધિત વાહનો સાથે કવાયત પણ કરી છે ", એમ કેન્દ્રીય ગુપ્તચર એજન્સીના એક અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીએ એમ પણ કહ્યું હતું કે વિરોધ કરી રહેલા ખેડૂતોને મહત્તમ સંખ્યામાં સ્થળ પર પહોંચાડવા માટે આ મશીનોની હોર્સ પાવર બમણી કરવામાં આવી છે.

બાલક રામની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં મિસ્ટર અડવાણીની સૂચક ગેરહાજરી!

1990ના દાયકાના રામ જન્મભૂમિ આંદોલનનું હયાત નેતૃત્વ 22 જાન્યુઆરીએ અયોધ્યામાં બાલક રામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન તેની ગેરહાજરી દ્વારા સ્પષ્ટ હતું. ભાજપના ભૂતપૂર્વ વડા અને નાયબ વડા પ્રધાન એલ કે અડવાણી, જે-તે સમયે રામ મંદિર આંદોલન પાછળના મુખ્ય પ્રેરક બળ હતા. તેમના સદાકાળના નજીકના સહયોગી મિસ્ટર દીપક ચોપડાએ દાવો કર્યો હતો કે, વયોવૃદ્ધ નેતાએ કડકડતી ઠંડીને કારણે પ્રાણ પ્રતિષ્ઠા સમારોહથી દૂર રહેવાનું નક્કી કર્યું હતું, પરંતુ સમારંભના થોડા દિવસો પહેલા સુધી તેઓ અયોધ્યામાં સ્થાનિક અધિકારીઓ સાથે મિસ્ટર અડવાણીના કાર્યક્રમની વ્યવસ્થા વિશે પૂછપરછ કરી રહ્યા હતા. શોમાં ફિટ અને સક્ષમ ડો. મુરલી મનોહર જોશીની ગેરહાજરી અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી ન હતી. એ જ રીતે સંરક્ષણ પ્રધાન મિસ્ટર રાજનાથ સિંહ, જેઓ 1992માં ઉત્તર પ્રદેશમાં મિસ્ટર કલ્યાણ સિંહ મંત્રાલયમાં તે સમયે મંત્રી હતા, તે દિલ્હીમાં જ રહ્યા. શું તેને

...અનુસંધાન પાના 14 પર

ઈઝરાયેલી દળોએ હુમલો કરી 2 બંધકોને છોડાવ્યા, 67 પેલેસ્ટિનિયન માર્યા ગયા

ગાઝા પટ્ટીના દક્ષિણ કિનારે આવેલા શહેર રફાહમાં એપાર્ટમેન્ટની નજીકના વિસ્તાર પર ભારે હવાઈ હુમલાઓ કરાયા

ઈઝરાયેલમાં આ દરોડાની સફળતાની ઉજવણી કરાઈ જો કે 100થી વધુ બંધકોને મુક્ત કરાવવાનું મુશ્કેલ કાર્ય બાકી

રફાહ (ગાઝા સ્ટ્રીપ), તા. 12 (AP): ઈઝરાયેલી દળોએ સોમવારે વહેલી સવારે દક્ષિણ ગાઝા પટ્ટીમાં ભારે સુરક્ષાથી ઘેરાયેલા એપાર્ટમેન્ટમાં ઘુસી ગયા હતા અને નાટકીય દરોડામાં 2 બંધકોને બહાર કાઢ્યા હતા, જે ઈઝરાયેલ માટે એક નાની પરંતુ પ્રતીકાત્મક રીતે નોંધપાત્ર સફળતા હતી.

આ ઓપરેશનમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા 67 પેલેસ્ટિનિયનો માર્યા ગયા હતા, એમ પેલેસ્ટિનિયન આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું.

બચાવ દળોને મદદ કરવા માટે, ગાઝા પટ્ટીના દક્ષિણ કિનારે આવેલા શહેર રફાહમાં એપાર્ટમેન્ટની નજીકના વિસ્તાર પર ભારે હવાઈ હુમલાઓ કરાયા હતાસ રફાહ શહેરમાં 1.4 મિલિયન પેલેસ્ટિનિયનો ગાઝામાં અન્ય સ્થળો

...અનુસંધાન પાના 14 પર

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવાણે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું

ભાજપમાં જોડાવાનો હજી સુધી કોઈ નિર્ણય કર્યો નથી

મુંબઈ: તા. 12 (PTI). લોકસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસને લાગેલા વધુ એક આંચકામાં મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવ્હાણે ભાજપમાં જોડાવાની અટકળો વચ્ચે સોમવારે સૌથી જૂની પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ બાબા સિદ્દીક અને મિલિંદ દેવરાએ પાર્ટી છોડ્યાના દિવસો બાદ ચવ્હાણે પણ કોંગ્રેસ છોડી દીધી છે.

ચવ્હાણ અથવા ભાજપ તરફથી એ અહેવાલો પર કોઈ પુષ્ટિ મળી નથી કે 65 વર્ષીય નેતાને આગામી રાજ્યસભાની ચૂંટણી માટે મેદાનમાં ઉતારવામાં આવશે.

ચવ્હાણ ભાજપમાં જોડાશે તેવી ચર્ચા વચ્ચે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પત્રકારોને કહ્યું હતું કે, ''આગે આગે દેખો હોતા હૈ ક્યા'' (રાહ જુઓ અને જુઓ કે આગળ શું થાય છે.)

અમરાવતીના અપક્ષ ધારાસભ્ય રવિ રાણાએ દાવો કર્યો કે, 10થી 15 ધારાસભ્યો અશોક ચવ્હાણના સંપર્કમાં છે.

ચવ્હાણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ છોડવાનો નિર્ણય વ્યક્તિગત હતો, અને ઉમેર્યું હતું કે તેઓ એક-બે દિવસમાં તેમની આગામી પગલાની જાહેરાત કરશે.

ચવ્હાણે ઉમેર્યું હતું કે, મેં હજી સુધી ભાજપમાં જોડાવાનો કોઈ નિર્ણય લીધો નથી.

રાજ્ય કોંગ્રેસ અધ્યક્ષ નાના

...અનુસંધાન પાના 14 પર

તમિલનાડુના રાજ્યપાલે સંબોધન આખું વાંચવાનો ઈનકાર કરી વોક આઉટ કર્યો

ચેન્નાઈ: તા. 12 (PTI). તમિલનાડુના ગવર્નર આર એન રવિએ સોમવારે રાજ્ય વિધાનસભાને પરંપરાગત સંબોધનને સંપૂર્ણ વાંચવાનો ઈનકાર કર્યો હતો અને દાવો કર્યો હતો કે તેમાં 'ભ્રામક તથ્યો' છે અને રાષ્ટ્રગીતના મુદ્દા પર શાસક ડીએમકે પર આકરા પ્રહારો કર્યા હતા. એ ટિપ્પણીઓ, જે રાજભવન અને રાજ્ય સરકાર વચ્ચે વધુ એક ટકરાવમાં કાઢી નાખવામાં આવી હતી.

સ્પીકર એમ અપ્પાવુએ જણાવ્યું હતું કે, કાઢી નાખવામાં આવેલી ટિપ્પણીઓ રવિની વ્યક્તિગત ટિપ્પણીઓ હતી અને માત્ર માન્ય લખાણ જ રેકોર્ડમાં હશે. રાષ્ટ્રગીત ચાલુ થાય એ પહેલા રાજ્યપાલ પણ ગૃહમાંથી ચાલ્યા ગયા હતા.

રાજભવને પાછળથી ઘટનાઓના ક્રમને સમજાવતાં કહ્યું, આવા લખાણમાંથી રવિ વાંચવું એ બંધારણીય ઉપહાસ હશે. ગૃહમાં આ વર્ષ માટે રાજ્યપાલનું આ ઉદ્ઘાટન સંબોધન હતું. રાષ્ટ્રગીત પણ વિવાદના કેન્દ્રમાં હતું. કારણ કે, રવિએ તેને સંબોધન પહેલા અને પછી વગાડવાની માંગ કરી હતી જ્યારે સરકારે કહ્યું હતું કે તે ગૃહની પરંપરા અને નિયમો સાથે સુસંગત નથી. સતત બીજા વર્ષે રાજ્ય વિધાનસભામાં રાજ્યપાલના સંબોધન દરમિયાન વિવાદ જોવા મળ્યો હતો. ગયા વર્ષે પણ 9 જાન્યુઆરીના રોજ રવિએ સરકાર દ્વારા તૈયાર કરેલા સંબોધનના કેટલાક ભાગોને છોડી દીધા હતા અને રેકોર્ડમાં મૂળ ડ્રાફ્ટને પુનઃસ્થાપિત કરવા માટેનો ઠરાવ અપનાવવામાં આવે તે પહેલાં તેના પોતાના થોડા મુદ્દાઓ પણ સામેલ કર્યા હતા.

રવિએ સોમવારે 46 પાનાંના પ્રથમ ભાષણમાંથી માત્ર પ્રથમ પેજ વાંચ્યું હતું. રાજભવનએ અપ્પાવુ પર રવિ પર હુમલો કરવાનો આરોપ મૂક્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, તે રાજ્યપાલના કાર્યાલયની ગરિમાને જાળવી રાખવા માટે બહાર નીકળી ગયા હતા.

બિહારમાં નીતીશ કુમારના નેતૃત્વમાં એનડીએ સરકારે વિશ્વાસ મત હાંસલ કર્યો

તમામ બિન-એનડીએ સભ્યોએ વોકઆઉટ કર્યું, આરજેડીના 3 ધારાસભ્યોએ પલટી મારી

129 ધારાસભ્યોએ વિશ્વાસ મતની તરફેણમાં મત આપ્યો

અધ્યક્ષ પદેથી આરજેડીના નેતાની હકાલપટ્ટી કરાઈ

પટના, તા. 12 (PTI): બિહારમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન સરકારે, મુખ્યમંત્રી નીતીશ કુમારની આગેવાની હેઠળ, સોમવારે રાજ્ય વિધાનસભામાં વિશ્વાસ મત જીત્યો હતો, જેમાં તમામ બિન-એનડીએ સભ્યો દ્વારા વોકઆઉટ વચ્ચે 129 ધારાસભ્યોએ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું. કુલ મળીને, 129 ધારાસભ્યોએ પ્રસ્તાવની તરફેણમાં મત આપ્યો, પરંતુ નીતીશ કુમારે એવું સૂચન કર્યું કે ડેપ્યુટી સ્પીકર મહેશ્વર હજારી, જે જેડી(યુ)ના છે, તેમના મતની પણ ગણતરી કરવામાં આવે. સામાન્ય રીતે, અધ્યક્ષના પદ પર બેસેલી વ્યક્તિ મતદાનમાં ભાગ લેતી નથી, સિવાય કે ટાઈ થઈ હોય. સંસદીય બાબતોના મંત્રી વિજય કુમાર ચૌધરીની વિનંતીને પગલે, હજારીએ ધ્વનિમત દ્વારા પ્રસ્તાવને

...અનુસંધાન પાના 14 પર

તા.૧૨-૦૨-૨૦૨૪નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૧.૪° સે.	૧૭.૬° સે.	33%